અંક-૨૯૫
કુલ પેજ-૪૪
આજીવન લવાજમ રૂ. ૨૦૦૦
છૂટક કિંમત રૂ. ૨૦

મે-૨૦૨૨

ઉમા દર્પણ

માનદ્ તંત્રી - રતિલાલ પટેલ




વાંઢાયમાં ઉમિયા માતાજીનો વાર્ષિકોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

નારી શકિતની ઊંચી ઉડાન



લીસા પોકાર
જજ



પ્રેરણા નાકરાણી
પાયલોટ



કૃષ્ણની ભૂમિ ઊડુપીમાં કચ્છના કડવા પાટીદારો

વિવિધ સંસ્થાઓના સફળ સુકાની અને ઉદ્યોગકાર



મનસુખભાઇ રૂડાણી





ભુજમાં કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ

Real Patidar Library

About Real Patidar books

ઉમા દર્પણ
ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાયનું મુખપત્ર
૨૫ વર્ષ
૧૯૯૬-૨૦૨૧

અંક-૨૯૫
કુલ પેજ-૪૪
આજીવન લવાજમ રૂ. ૨૦૦૦
છૂટક કિંમત રૂ. ૨૦

મે-૨૦૨૨

ઉમા દર્પણ

માનદ્ તંત્રી - રતિલાલ પટેલ




વાંઢાયમાં ઉમિયા માતાજીનો વાર્ષિકોત્સવ ભક્તિભાવથી ઉજવાયો

નારી શકિતની ઊંચી ઉડાન




લીસા પોકાર
જજ



પ્રેરણા નાકરાણી
પાયલોટ



કૃષ્ણની ભૂમિ ઊડુપીમાં કચ્છના કડવા પાટીદારો



વિવિધ સંસ્થાઓના સફળ સુકાની અને ઉદ્યોગકાર

મનસુખભાઇ
રૂડાણી






ભુજમાં કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય

સંસ્થા સમાચાર

વાંઢાયમાં ઉજવાયો ઉમિયા માતાજી અને ઉમાપતિ મહાદેવ મંદિરનો વાર્ષિકોત્સવ

સંસ્થાની કારોબારી તેમજ સામાજિક સભા અને સંકલન મિટિંગનું આયોજન કરાયું



- પ્રો. કે.વી. પાટીદાર દ્વારા

ઉમિયા માતાજી અને ઉમાપતિ મહાદેવ મંદિરનો વાર્ષિક પાટોત્સવ ત્રણ વર્ષ બાદ ધામધૂમ અને ભક્તિભાવથી ઊજવાયો હતો. હજારો ભાવિકો માના ચરણોમાં માથું ટેકવવા આવ્યા હતા. પૂર્વ અને પશ્ચિમ કચ્છથી સેંકડો ભાવિકો પગપાળા ચૈત્ર અષ્ટમીએ વાંઢાયના ઉમિયા મંદિરે આવ્યા હતા. જ્યાં સંસ્થાના હોદ્દેદારોએ યાત્રિકોનું અભિવાદન સાથે સામૈયું કર્યું હતું.

રામનવમીના સવારે મંદિરના પાટોત્સવ નિમિત્તે બન્ને મંદિર ઉપર નૂતન ધ્વજારોહણ કરાયું હતું. મંદિર પરિસરમાં સ્થાપિત સંતોની પ્રતિમા જેમાં લાલરામજી મહારાજ અને ઓધવરામજી મહારાજની પ્રતિમાને હારતોરા અને ભાવવંદના કરાઈ હતી અને મંદિરમાં મહાઆરતી, હવન અને યજ્ઞાદિ કાર્યો કરાયા હતા.

ઉમિયા માતાજી પરિસરને નયનરમ્ય અને સુવિધાયુક્ત બનાવવા પાછલા ત્રણ વર્ષથી સમિતિ અને સંસ્થાનના હોદ્દેદારો કાર્યરત રહ્યા છે.

સંસ્થાના પ્રમુખ હંસરાજભાઈ ધોળુના માર્ગદર્શન હેઠળ મહામંત્રી બાબુભાઈ ચોપડા, સંસ્કારધામના પ્રમુખ ગંગારામભાઈ રામાણી, કેન્દ્રીય સમાજના પ્રમુખ અબજીભાઈ કાનાણી, ઈશ્વરભાઈ ભાવાણી, ખજાનચી ગંગારામભાઈ ચૌહાણ, ટ્રસ્ટી ધનજીભાઈ રૂડાણી, ટ્રસ્ટી પ્રો. કે.વી. પાટીદાર, ઉપપ્રમુખ પ્રેમજીભાઈ ગોગારી, ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ કાનાણી, ઉપપ્રમુખ મણિભાઈ ભગત, મંત્રી પ્રવીણભાઈ ધોળુ અને પ્રવીણભાઈ ધનાણીએ પરિસરને નવો ઓપ આપવા જહેમત ઉઠાવી છે.

ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટની કારોબારી સભા મળી

ઉમિયા માતાજી ઈશ્વરરામજી ટ્રસ્ટની કારોબારી મિટિંગ સંસ્થાના મિટિંગ હોલમાં તા. ૯-૪-૨૦૧૨ના બપોરે ૨.૩૦ કલાકે ટ્રસ્ટના પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુના અધ્યક્ષસ્થાને મળી હતી.

પ્રારંભમાં સહમંત્રી શ્રી ઈશ્વરભાઈ ભાવાણીએ સૌનું સ્વાગત કર્યું હતું અને ગત સભાનોંધનું વાંચન તેમજ આવેલા પત્રોનું વાંચન ટ્રસ્ટી શ્રી કે.વી. પાટીદારે કર્યું હતું. મુલતવી રહેલ હીરક જયંતી મહોત્સવ ઉજવવા અંગે ચર્ચા હાથ ધરાઈ હતી. જેમાં પ્રમુખ શ્રી હંસરાજભાઈએ તા. ૮-૪-૨૨ના અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન એવમ્ અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓની

સંયુક્ત મિટિંગમાં હીરક જયંતી મહોત્સવ ઉજવવા અંગેની ચર્ચા કરાઈ હતી અને આગામી શ્રાવણ માસમાં સંસ્થાની સામાન્ય સભામાં તે અંગેની ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવો અને સંકલન મિટિંગનો અભિપ્રાય મૂકવો.

કેન્દ્રીય સમાજના મહામંત્રી પુરુષોત્તમભાઈ, પ્રમુખ શ્રી અબજીભાઈ, ઉપપ્રમુખ શ્રી ભાણજીભાઈ પોકાર અને માતાજી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી મણિલાલભાઈ ભગત, ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, હીરક જયંતી મહોત્સવની ઉજવણી સમગ્ર જ્ઞાતિએ કરવી જોઈએ.

સંસ્થામાં ચાલતી રિનોવેશનની કામગીરીની સમીક્ષા કરતાં પ્રમુખ શ્રી હંસરાજભાઈએ જણાવ્યું હતું કે, મોટાભાગનું કામ પૂર્ણ થયેલ છે. ચાદરોનું વોશિંગ બરાબર થાય છે. અન્ય સંસ્થાઓની સરખામણીએ આપણી સંસ્થામાં રૂમ સફાઈ વ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે. રિનોવેશન કામ ઓછા ખર્ચે થયું છે. ઓફિસનું કામ પૂર્ણ થયેલ છે. જેનું ઉદ્‌ઘાટન કરવાનું બાકી છે.

રિનોવેશન સ્કીમ અંગેની વિગતવાર માહિતી ઈશ્વરભાઈ ભાવાણીએ આપી હતી. રવિલાલભાઈ રામજિયાણી અને પ્રેમજીભાઈ ગોગારીએ પ્રમુખ શ્રી હંસરાજભાઈના રિનોવેશન કામની પ્રશંસા કરી હતી. રોડની મંજૂરી અને થયેલ સુંદર કામગીરી માટે મંત્રી શ્રી બાબુભાઈ ચોપડાને ધન્યવાદ આપવામાં આવ્યા હતા.

ઉમા પ્રવેશદ્વાર હાઈવે પર ગેટ બની ગયો છે જે ચડાવા સામાજિક સભામાં લેવામાં આવશે. જેના રૂપિયા અગિયાર લાખની અપસેટ પ્રાઈઝથી શરૂ થશે. જૂના દાતાશ્રીનું નામ પિલર પર લખવામાં આવશે. અપસેટ પ્રાઈઝના દાતા શ્રી ઈશ્વરભાઈ માવજી માવાણી-નાસિકનું નામ નોંધવામાં આવેલ છે. દાતાશ્રીએ બે વર્ષમાં દાનની રકમ ૪ હપ્તામાં ચૂકવવાની રહેશે એમ નક્કી કરવામાં આવ્યું હતું.

ઓફિસ કાર્યાલય નવીનીકરણના દાતા પણ લેવા જોઈએ એવું શ્રી પ્રવીણભાઈ ધનાણીએ સૂચન કરેલ જે સ્વીકારવામાં આવ્યું. કાર્યાલય ઉદ્‌ઘાટન માટે અપસેટ પ્રાઈઝ ૨ લાખ ૫૧ હજાર રાખવી અને ચડાવા પણ સામાજિક સભામાં કરવા એવું નક્કી કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટનના દાતાના નામની તક્તી લગાડવામાં આવશે.

કાર્યાલય ઉદ્‌ઘાટનના અપસેટ પ્રાઈઝના દાતા તરીકે કાંતાબેન કેસરા રામજિયાણી પરિવારના નામની દરખાસ્ત આવેલ, જે સ્વીકારવામાં આવી.

મંત્રી શ્રી બાબુભાઈએ સંસ્થામાં ૫૦૦થી ૬૦૦ માણસો બેસી શકે તેવા સભાખંડની જરૂરિયાતનું સૂચન કરેલ જે અંગે અભ્યાસ કરવામાં આવશે એમ નક્કી કર્યું હતું.

પ્રમુખ શ્રી હંસરાજભાઈએ જણાવ્યું હતું કે, હજી પણ આપણે વિકાસમાં આગળ વધવાનું છે. અમદાવાદ સેન્ટર છે એટલે આપણું વધુ એક સંકુલ અમદાવાદમાં પણ હોવું જોઈએ. આ માટે આપણે બધાએ પ્રયત્ન કરવાની જરૂર છે. આપણી સંસ્થાઓનો વિકાસ કરવો છે. આપણે આપણી સંસ્થાઓ ઉમિયા માતાજી સંસ્થાન-વાંઢાય, શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ-દેશલપર અને અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-નખત્રાણાને મજબૂત કરવી જોઈએ એટલે આપણી શક્તિઓ આપણા સંકુલોના વિકાસ અર્થે પ્રયોજાય તે અતિ જરૂરી છે.

આજે આપ સૌ પધારી ઉપયોગી સૂચન કર્યા તે બદલ હું ધન્યવાદની લાગણી પ્રગટ કરું છું. બે વર્ષના કોરોનાકાળ બાદ આપણે રામનવમી ઉત્સવ ઉજવવા જઈ રહ્યા છીએ એટલે આનંદ છે. આજે વધુ સંખ્યામાં આપણે માતાજી સંસ્થામાં પધારી યજ્ઞનો લાભ લીધો છે. આગામી સમયમાં માતાજીનો હીરક જયંતી ઉત્સવ પણ ઉજવશું. સહમંત્રી પ્રવીણભાઈ ધોળુએ આભારવિધિ કરી હતી. આ સભામાં સંકુલના રિનોવેશન તેમજ પાટોત્સવ ભોજનના દાતાશ્રીઓ પણ નોંધાયા હતા.

વાંઢાય ખાતે ત્રણેય સંસ્થાના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીશ્રીઓની સંકલન મિટિંગ મળી

આપણી ત્રણેય સંસ્થા અ.ભા.ક.ક. પાટીદાર સનાતન સમાજ, અ.ભા. લક્ષ્મીનારાયણ સનાતન સમાજ અને ઉમિયા માતાજી સંસ્થાનના અગ્રણીઓ ચર્ચા-વિચારણા, સંકલન કરવા તા. ૮-૪-૨૦૨૨ના બપોરના ૪.૦૦ કલાકે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ખાતે બેઠક કરવામાં આવી હતી.

બેઠકનું અધ્યક્ષસ્થાન ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુએ સંભાળેલ. આવકાર અને સ્વાગત સહમંત્રી શ્રી ઈશ્વરભાઈ ભાવાણીએ કરેલ. હંસરાજભાઈ ધોળુએ સંકલન મિટિંગનો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે, કેટલાક સામાજિક, ધાર્મિક અને આર્થિક મુદ્દાએ આપણે સંકલનના અભાવે ધાર્યું પરિણામ મેળવી શકતા નથી, તેથી ત્રણેય સંસ્થાઓ સંકલન કરીને આગળ વધીએ તો વિકાસ પ્રક્રિયામાં મહત્ત્વના કામોને અગ્રીમતા આપી શકાય. અમદાવાદ હવે આપણા પાટીદારો માટે હબ

ગણાય એટલે ત્યાં પણ આપણું સેન્ટર બને તેવો વિચાર કરવાનો આ સમય છે. આપણું દાન આપણી સંસ્થાઓને મજબૂત કરવામાં ઉપયોગી થાય તેવું વિચારવાનો સમય છે. કેન્દ્રીય સમાજના મહામંત્રી શ્રી પુરુષોત્તમભાઈ ભગતે જણાવ્યું કે, દર ત્રણ માસે આપણે મળવું જોઈએ જેથી વિચાર વિમર્શમાં ફળદાયી નિર્ણયો લઈ શકાય.

ઉપપ્રમુખશ્રી મણિલાલભાઈ ભગતે જણાવ્યું કે, નાના-મોટા પ્રશ્નો છે તે ભેગા બેસીને ઉકેલવા જોઈએ. વડીલો બેસીને સંકલન કરે, રાજકીય પક્ષે આપણે શક્તિ વધારવાની જરૂરિયાત છે. જ્યાં જરૂર પડે ત્યાં બાંધછોડ કરવી જોઈએ. ગંગારામભાઈ ચૌહાણ (ખજાનચી)એ જણાવ્યું કે, જે-તે સંસ્થાએ ધાર્મિક અને સામાજિક કામો હોય તે સંસ્થાઓ તે પ્રમાણે કામ કરવું જોઈએ.

રાયપુરના શ્રી નાનજીભાઈ પટેલે જણાવ્યું કે, સર્વોદય ટ્રસ્ટનો મુદ્દો સમગ્ર ભારતભરમાં આપણા સમાજોમાં ચમકતો રહે છે. આ બાબતે પ્રમુખ શ્રી હંસરાજભાઈને વિગતે જણાવવા કહ્યું જેથી લોકોને સાચી હકીકતની જાણ થઈ શકે. આ બાબતે હંસરાજભાઈ ધોળુએ વિગતવાર જ્યાંથી શરૂઆત થઈ ત્યાંથી અત્યાર સુધીની સમગ્ર ભૂમિકા અને તે અંગે તેમણે અને તેમની ટીમને સોંપાયેલ કાર્યની વિસ્તૃત માહિતી આપેલ તેમજ તેમણે તૈયાર કરેલ માહિતીની ઝીણવટભરી વિગતો હકીકતો અને પુરાવા સહિત રજૂ કરીને બંને સંસ્થાઓને સોંપેલ છે એટલે હવે ઉમિયા માતાજી સંસ્થાએ આ બાબતમાં કંઈ કરવાનું રહેતું નથી તેવું જણાવેલ.

લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનના પ્રમુખ શ્રી ગંગારામભાઈ રામાણીએ જણાવેલ કે, સર્વોદય ટ્રસ્ટનો પ્રશ્ન વિકાસમાં બાધારૂપ છે. આપણે આપણી વ્યૂહરચના બદલવી પડશે. સમય પ્રમાણે હવે આપણે કામ કરવાની જરૂરિયાત છે. સંગઠન એ તાકાત છે, એ વાત આપણે સમજવી પડશે.

કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી જેન્તીભાઈ લાકડાવાળાએ કહ્યું કે, સર્વોદય ટ્રસ્ટનો પ્રશ્ન કાયદાકીય રીતે ઉકેલવો મુશ્કેલ છે, વર્ષો નીકળી જાય, એટલે સમાધાન જ એનો ઉકેલ છે. બધાએ સન્માનજનક પ્રયત્નો કરેલ છે. ત્રણેય સંસ્થાઓએ સાથે મળીને એક થઈને રહેવું જોઈએ. એકબીજા પર વિશ્વાસ રાખવો જોઈએ. હીરક જયંતી મહોત્સવ ઉજવવો જોઈએ. ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ કાનાણીએ જણાવ્યું કે, હીરક જયંતી મહોત્સવ ઉજવો જોઈએ. ટ્રસ્ટી શ્રી રવિલાલભાઈ રામજિયાણીએ જણાવ્યું કે, હીરક જયંતી મહોત્સવ ઉજવવો જોઈએ. આપણી સંસ્થાઓને આર્થિક રીતે મજબૂત બનાવવી જોઈએ. અન્ય સંસ્થાઓમાં આપણો પૈસો જાય છે તે બરાબર નથી.


મંત્રી શ્રી બાબુભાઈ ચોપડાએ જણાવ્યું કે, સર્વોદય ટ્રસ્ટની ચર્ચાઓ વારંવાર થાય છે. તેનાથી યુવાનોમાં ખરાબ અસર પડે છે. સમાધાન કરવું હોય તો બાંધછોડ કરવી પડશે. જયંતીભાઈ લાકડાવાળાએ જણાવ્યું કે, સતપંથ બાબતે આપણે ઊંઝાવાળા સાથે બેસવું જોઈએ. ગંગારામભાઈ રામાણીએ જણાવ્યું કે, આપણે ત્રણેય સંસ્થાઓ સાથે મળીને એક હાઈપાવર સમિતિ બનાવવી જોઈએ જેથી ખોટા પ્રશ્નો ઉપસ્થિત ન થાય. વિવાદાસ્પદ પ્રશ્નો આ હાઈપાવર કમિટીમાં ચર્ચાય. ચીમનભાઈ પટેલે આ બાબતમાં જણાવ્યું કે, સમાધાનમાં જવું હોય તો બાંધછોડ કરવી પડશે. કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખ શ્રી ભાણજીભાઈ પોકારે જણાવ્યું કે, ઈંગોના પડ ચડી ગયા છે, આપણી ભૂલ હોય તો પારદર્શકતા રાખવી પડશે. દરેક સંસ્થા નાની-મોટી નથી. મોહનભાઈ ચોપડાએ કહ્યું કે, ત્રણેય સંસ્થાઓએ સાથે મળીને કામ કરવું જોઈએ. ઈશ્વરભાઈ ભાવાણી (સહમંત્રી)એ જણાવ્યું કે, ત્રણેય સંસ્થાઓ આપણી છે. ત્રણેય સંસ્થાઓના પ્રમુખોએ સાથે મળીને સંકલન કરવું જોઈએ.

કેન્દ્રીય સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણીએ જણાવ્યું કે, માતાજી સંસ્થાની સ્થાપના સમાજ દ્વારા થઈ છે. હંસરાજભાઈ ધોળુએ જણાવ્યું કે, જ્ઞાતિના ભાઈઓને સંતોએ સોંપેલી સંસ્થા છે. માતાજી સંસ્થા માતૃસંસ્થા છે, જે સમાજ દ્વારા સ્થાપવામાં આવેલબ નથી. માતાજી સંસ્થા સુપ્રીમ સંસ્થા છે. ઉપસંહાર કરતાં પ્રમુખ શ્રી હંસરાજભાઈએ જણાવ્યું કે, આજી ટૂંકી નોટિસે આપ સૌ ત્રણે ય સંસ્થાઓના હોદ્દેદારો અને ટ્રસ્ટીઓ પધારી ઉપયોગી સૂચનો કર્યા છે જે ફળદાયી થશે. આજની સભામાં થયેલ નિર્ણયો (૧) હીરક જયંતી મહોત્સવની ઉજવણી કરવાનો નિર્ણય આગામી શ્રાવણ માસમાં મળનાર માતાજી ટ્રસ્ટની સામાન્ય સભામાં કરવામાં આવશે (૨) ત્રણેય સંસ્થાઓની એક સંકલન સમિતિ બનાવવી (૩) માંડવી સર્વોદય ટ્રસ્ટ બાબતે હાલ કંઈ થઈ શક્યું નથી એટલે નિશ્ચિત કરેલ સમયમર્યાદા પૂરી થાય છે, એટલે હાલ માતાજી સંસ્થા આ બાબતે છૂટી થાય છે. આભારવિધિ ઈશ્વરભાઈ ભાવાણીએ કરેલ હતી.

પાટોત્સવ પ્રસંગે સામાજિક સભાનું આયોજન કરાયું

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન વાંઢાય ખાતે

2022-05 -Uma Darpan (1428)



તા. ૯-૪-૨૦૨૨ના બપોર બાદ પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુના અધ્યક્ષ સ્થાને સામાજિક સભાનું આયોજન કરાયું હતું. પ્રારંભમાં દીપ પ્રાગટ્ય બાદ સ્વાગત ટ્રસ્ટીશ્રી કે.વી. પાટીદારે કર્યુ હતું.

જ્યારે પ્રસંગ પરિચય તેમજ સંસ્થાનો અહેવાલ પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુએ આપતા જણાવ્યું હતું કે મંદિરનો અમૃત મહોત્સવ ઉજવવા અંગેનો નિર્ણય કારોબારીમાં થયેલી ચર્ચા પ્રમાણે આગામી શ્રાવણ માસમાં યોજાનાર સામાન્ય સભામાં લેવામાં આવે જેમાં સૌએ સહમતી દર્શાવી હતી.

સંસ્થાનો અહેવાલ આપતા પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે કોરોનાકાળ દરમ્યાન સંસ્થામાં ભવનોના રિનોવેશનની સાથે નવું સુવિધા ભવન તેમજ ભુજ તરફના પ્રવેશદ્વાર અને નવા કાર્યાલયનું કાર્ય પણ પૂર્ણ થઈ ગયું છે. ઓધવરામ ભવનની ઉપર લોન્ડ્રીની સુવિધા પણ શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં પ્રસાદ વેચાણના સ્ટોલનું કાર્ય પ્રગતિમાં છે પથિકાશ્રમના રૂમો એસીથી સજ્જ કરવામાં આવ્યા છે. રિનોવેશન માટે ભવનો તેમજ રૂમો માટેના બાકી રહેલા દાતાઓ વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

આજે ભુજ તરફના માતાજીની પ્રતિમા સાથે નવું બંધાયેલ પ્રવેશદ્વારના નામકરણ તેમજ કાર્યાલયના નવીનીકરણના ઉદ્‌ઘાટનના દાતા ઉછામણીથી લેવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ઉછામણીનો દોર સહમંત્રીશ્રી ઈશ્વરભાઈ ભાવાણી અને ડો. કે. વી. પાટીદારે સંભાળ્યો હતો જેમાં પ્રવેશદ્વારનો નામકરણનો ચડાવો રૂપિયા ૨૫ લાખમાં સ્વ. દેવજીભાઈ નાનજી ધોળુ પરિવાર ભુજે લીધો હતો જ્યારે કાર્યાલયનો વાલરામજી મહારાજના શિષ્ય હીરાલાલ અમૃતિયા અને મહેન્દ્રભાઇ માવાણીએ રૂપિયા ચાર લાખ ચુંમાલીસ હજાર ચાર સો ચુંમાલીસમાં લીધો હતો.

ખુલ્લા મંચમાં કેન્દ્રીય સમાજના ટ્રસ્ટી શ્રી નાનજીભાઈ રામાણીએ સંસ્થામાં થયેલા રિનોવેશન કાર્યની પ્રશંસા કરી હતી અને આનાથી અહીંયા આવનાર લોકોને વધુ સારી સુવિધા મળી રહેશે તેમ કહી આપણી કેન્દ્રીય સંસ્થાઓએ સંકલનમાં રહીને કાર્ય કરવું જોઇએ તેમ જણાવ્યું હતું.

કેન્દ્રીય યુવાસંઘ પુર્વ કચ્છ રિજિયનના પ્રમુખ શ્રી સુરેશભાઈ ભગતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા સ્થાનિકે બનાવાતી સમિતિ બાબતે જાણકારી માગતા પ્રમુખ શ્રી હંસરાજભાઈ ધોળુએ જણાવેલ કે અગાઉ નક્કી થયેલ છે કે, આપણા ઉમિયા માતાજી ઊંઝા કે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદની કોઈ ગ્રામ્ય સમિતિઓ બનાવવાની નથી, જે કંઈ કાર્ય કરવાનું આવશે તે ઉમિયા માતાજી સંસ્થાન-વાંઢાય દ્વારા કરવામાં આવશે અને તેના કન્વીનર તરીકે મણિલાલ હીરજી ભગત (બિદડાવાળા)ની નિમણૂક કરવામાં આવેલ છે. જેથી અલગથી નવી સમિતિ કે સંગઠન ઊભું કરવાનું નથી.

કેન્દ્રીય સમાજના ઉપપ્રમુખશ્રી ભાણજીભાઈ પોકાર તેમજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ડો. પ્રેમજીભાઈ ગોગારીએ સમાજમાં ઉદ્ભવતા પ્રશ્નો સાથે બેસીને ચર્ચા કરી ઉકેલવા જોઈએ જેથી સમાજમાં સંદેશો ગલત ના જાય. વધુમાં તેઓશ્રી એ ટૂંકા ગાળામાં કરકસરથી સંસ્થામાં થયેલા રિનોવેશન સહિતના કાર્યો માટે પ્રમુખશ્રીને ધન્યવાદ પાઠવ્યાં હતાં.

સમૂહલગ્ન આયોજન સમિતિના મહામંત્રી શ્રી રમેશભાઈ પોકારે ઉમાપતિ મહાદેવ મંદિરની પ્રતિષ્ઠાને આ

માસમાં દસ વર્ષ પૂરા થાય છે તેના ઉપલક્ષમાં અગાઉ નક્કી થયા પ્રમાણે આગામી તા. ૩૦/૪ અને ૧-૫-૨૦૨૨ના ૨ દિવસીય સંતરામ મંદિર નડિયાદની ચિકિત્સાલયના સહયોગથી મેડીકલ કેમ્પનું આયોજન કરાયું છે તેમાં ઉપસ્થિત રહેવા તેમજ જરૂરિયાત મંદોને વધુમાં વધુ લાંભ લેવા જણાવ્યું હતું.

સંસ્થાના મહામંત્રી શ્રી બાબુભાઈ ચોપડાએ વાલરામ કુટિરથી દેશલપર સુધીના નવા મંજૂર થયેલા રોડનું કામ ટૂંક સમયમાં શરૂ કરાશે તેમ જણાવી સંસ્થામાં શરુ કરાએલા સોલાર પ્લાન્ટ સહિતની વિગતે વાત કરી હતી.

સભાનો ઉપસંહાર કરતાં પ્રમુખશ્રી હંસરાજભાઈ ધોળુએ જણાવ્યુ હતુ કે આપણી સંસ્થાઓને પહેલાં મજબૂત કરવી હશે તો સ્થાનિકે ધ્યાન આપવું પડશે.

આપણી પાટીદાર સમાજની ટોચની સંસ્થાઓ ઊંઝા હોય કે, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન કે પછી સરદારધામ હોય તેના જે આદેશ કે કાર્યક્રમો હોય કે પછી સમિતિઓ બનાવવા બાબતની હોય એનો પ્રથમ સંદેશ આપણી માતૃ સંસ્થામાં જવો જોઈએ અને તેના દ્વારા જ જરૂરી સંકલન થવું જોઈએ.

અગાઉ ઊંઝાના લક્ષચંડી તેમજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન વેળાએ આપણી સંસ્થાઓ વતી શ્રી મણિલાલભાઈ હીરજી ભગતને આ બાબતની જવાબદારી સોંપેલી છે માટે અત્યારે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન માટે જે રીતે સમિતિઓનું ગઠન થાય છે તે યોગ્ય નથી અને તે ન જ થવી જોઈએ. આવો આદેશ આપણે ઉઝાના લક્ષચંડી યજ્ઞ વખતે પણ હતો. આવું થશે તો આપણી ત્રણેય સંસ્થામાં અટકેલા વિકાસના કામો રૂંધાતા જશે માટે સૌએ આ બાબતે એકમત થવું પડશે.

આ સભામાં અન્નપૂર્ણા ભવન આખાના રિનોવેશન માટે નક્કી કરાયેલા રૂપિયા ૧૧ લાખ માટેના દાતા સ્વ. શિવગણભાઈ નાનજી ધોળુ પરિવાર ભુજની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત રિનોવેશન તેમજ રામનવમી પ્રસંગે ભોજનના દાતાઓ પણ નોંધાયાં હતાં.

અંતમાં સહમંત્રીશ્રી ઈશ્વરભાઈ ભાવાણીના આભારદર્શન સાથે સભા પૂર્ણ થઈ હતી.

દાતાશ્રીઓની નામાવલિ

	દાનની રકમ
ઉમા પ્રવેશદ્વારના નામકરણના દાતા	
દેવજીભાઈ નાનજી ધોળુ પરીવારહ. હંસરાજભાઈ દેવજી ધોળુ	25,11,111
અન્નપૂર્ણા ભુવનના નામકરણના દાતા	
શીવગણભાઈ નાનજી ધોળુ પરિવાર હ. હિરાભાઈ	11,11,111
ઓફિસના નામકરણના દાતા	
પ.પૂ. બ્રહ્મલીન મહારાજ શ્રી વાલરામજી મહારાજ	4,44,444
હ. શ્રીમતિ માયાબેન મહેન્દ્ર માવાણી-દેશલપર-મુંબઈ	
શ્રીમતિ ધર્મિષ્ઠાબેન હીરાલાલ અમૃતિયા-કલ્યાણપર-મુંબઈ	
પથિકાશ્રમ ભુવનના રૂમના રીનોવેશન દાતા	
સ્વ.માતૃશ્રી જશોદાબેન શાન્તિલાલ શિવદાસ માવાણી	1,51,011
હ: મુક્તાબેન શરદ, તુલસીબેન પ્રકાશ,દેશલપર-(વાં)-નાશિક	
સ્વ.માતૃશ્રી વાલાંબેન રવજી ભગત	1,51,000
હ. પરસોત્તમભાઈ,હરીભાઈ, દિનેશભાઈ- ઉથેડી-અંકલેશ્વર	
શામજીભાઈ નારણ નાકરાણી	1,51,000
ઉમિયા ભુવનના રૂમના રીનોવેશન દાતા	
શાન્તાબેન અબજીભાઈ વિશ્રામ કાનાણી	1,00,000
અન્નપૂર્ણા ભુવનના સહયોગી દાતા	
જયાબેન ડો.પ્રેમજીભાઈ રામજી ગોગારી-સાંયરા-ગાંધીધામ	25,000
હરજી કરસન રૂડાણી પરીવાર હ.વિરજી હરજી રૂડાણી-ગુણાતીતપુર	25,000
શાન્તાબેન શંભુભાઈ ગોગારી વિરાણી-મોટી-ઘાટકોપર	25,000
કાન્તિલાલ હીરજી માવાણી-દેશલપર	25,000
કાન્તાબેન વેલજી રામજીયાણી-દેશલપર	25,000
શાન્તાબેન રતનશીભાઈ ભીમાણી-દેવપર	25,000
કાન્તિલાલ વાલજી પોકાર-ધાવડા-ગાંધીધામ	25,000
સાવિત્રીબેન ભોગીલાલ કાનજી પાટીદાર-ખેડોઈ-ગાંધીધામ	25,000
મોહનભાઈ તથા રમેશભાઈ માવજી વાઘડીયા-ખોંભડી-બેંગલોર	25,000
વાલજીભાઈ હરજી ચોપડા-જીયાપર-ગાંધીધામ	25,000
રામનવમી પ્રસંગે ભોજનના દાતાના	
સ્વ. સવગણભાઈ પચાણ ચૌહાણ-ભુજ	21,000
હંસરાજભાઈ દેવજી ધોળુ-ભુજ	21,000
રતનબેન શામજી હરજી ધનાણી-નખત્રાણા	21,000
મણિલાલભાઈ હીરજી ભગત-બિટ્ટા	21,000
પ્રવિણભાઈ નારણ ધોળુ-નાગલપર	11,000
ડો. કે. વી. પાટીદાર-ખેડોઈ	11,000
કાન્તિલાલ હીરજી માવાણી-દેશલપર	11,000
નાનજી દેવશી ભાવાણી હ. ઈશ્વરભાઈ-કોટડા ચ.	11,000
જયાબેન ડો.પ્રેમજીભાઈ રામજી ગોગારી-ગાંધીધામ	21,000
મહેન્દ્રભાઈ શીવદાસ માવાણી-ઘાટકોપર	11,000
રતનશીભાઈ સોમજી ભીમાણી-દેવપર	12,000
વિરજીભાઈ હરજી રૂડાણી-ગુણાતીતપુર	11,000
રવિલાલ કેશરા રામજીયાણી-ઘાટકોપર	11,000
ઈશ્વરલાલ માવજી માવાણી-નાશિક	11,000

આપ્યો. એજન્ડા મુજબના તમામ કામો વિશદ ચર્ચા-વિચારણા કરી સર્વાનુમતે મંજૂર

કરવામ … બાંધકામ
બાબતે … પટેલે
આપી. … ચેરમેનશ્રી
ગોવિંદ … આપણો
આ સં … નો સેતુ
બનશે, … શિક્ષણ-
સામાજિ … ચાલતાં
તમામ … રચનાત્મક
દષ્ટિકો … મંત્રીશ્રી
દિલીપ … ર ઉદ્યોગ
બાબતે … સમાજના
તમામ … રોજગારી
બાબતે … ક કોમર્સ
જેવા … બાબતે
ગુજરા … થી ડેટા
એકત્ર … ઈ પટેલ
(મહેસ … સંગઠન
કરવાન
… ખાલી
પડેલ … સોલાના

Response to Chandrakant Chhabhaiya's article by Laxminarayan Dharm Prachar Samiti
Note: See my article on Patidar Sandesh about Vandhay history and my clarification lateron.

Sanskar Dham and

Laxminarayan Dharm Prachar Samiti #History

Premji Punja as president

ચેરમેનશ્રી રમેશભાઈ દૂધવાળાની દરખાસ્તને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. સર્વે કારોબારી સભ્યશ્રીઓએ ઉત્સાહપૂર્વક આ દરખાસ્તને અનુમોદન આપ્યું. રમેશભાઈએ જવાબદારીનો સ્વીકાર કરી સંસ્થાનમાં ઉત્સાહપૂર્વક જવાબદારી નિભાવવા જણાવ્યું.

પ્રમુખસ્થાનેથી બાબુભાઈ જે. પટેલે સૌને સાથે લઈને ચાલીશું તો જરૂર પ્રગતિ થશે અને મા ઉમિયાના આશીર્વાદ આપને મળી રહેશે. આજની આ મિટિંગ રચનાત્મક, પ્રેરણાદાયી દાયિત્વ નિભાવવા બાબતે ઉપયોગી રહી. આ સભામાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, સુરત, અમદાવાદ, ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા. આ સભામાં દાન આપનાર સૌનું હોદ્દેદારશ્રીઓ મારફતે સ્વાગત કરવામાં આવ્યું.

ચંદ્રકાંત છાભૈયાના લેખના સંદર્ભમાં લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિ બાબતે સ્પષ્ટીકરણ

ભાઈશ્રી ચંદ્રકાંત છાભૈયાએ 'જ્ઞાતિના ઈતિહાસની તારીખો અને દિનાંકો' લેખમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શ્રી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિની સ્થાપના કેન્દ્રીય સમાજના તત્કાલીનં પ્રમુખ પ્રેમજીભાઈ પૂંજાના અધ્યક્ષસ્થાને થઈ હતી, આ વાત ભૂલભરેલી છે. ધર્મ પ્રચાર સમિતિની સ્થાપના વખતે કેન્દ્રીય સમાજના તત્કાલીન પ્રમુખ પ્રેમજી પૂંજા વાસાણી નહીં પણ મણિલાલ પૂંજા રામાણી હતા. પ્રેમજીબાપા એ વખતે નિવૃત્ત હતા. ખરેખર હકીકત એવી છે કે ૧૯૯૫માં કલકત્તા અને જોરાવરનગરથી કેટલાક ધર્મપ્રેમી આગેવાનો કચ્છમાં આવ્યા અને કચ્છના લક્ષ્મીનારાયણ મંદિરોને ચેતનવંતા કરવા અને પૂજા-પ્રાર્થનામાં એકસૂત્રતા લાવવા ધર્મ પ્રચાર સમિતિ રચવાનો વિચાર આગેવાનો સમક્ષ મૂક્યો, જેને સૌએ આવકાર્યો અને આ સમિતિનું પ્રમુખ પદ સંભાળવા પ્રેમજીબાપાને વિનંતી કરતાં તેનો તેમણે સ્વીકાર કર્યો; કારણ કે ત્યારે તેઓ નિવૃત્ત હતા. તા. ૨૩-૧૧-૧૯૯૫ના કચ્છના ગામે ગામના મંદિરોના સભ્યોની મળેલ મિટિંગમાં શ્રી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિની પ્રેમજીબાપાના અધ્યક્ષસ્થાને વિધિવત રચના કરવામાં આવી. તા. ૪-૨-૧૯૯૬ના વાંઢાયથી વિરાણી મોટી વિશાળ ધર્મયાત્રા કાઢવામાં આવી હતી અને તા. ૩૧-૮-૧૯૯૬ના રોજ કેન્દ્રીય સમાજની સામાન્ય સભામાં પ્રેમજી પૂંજા વાસાણી ફરી એક વાર કેન્દ્રીય સમાજના પ્રમુખ પદે વરાયા. ત્યારપછી તેમણે બે સંસ્થાના હોદ્દા પર ન રહેવું જોઈએ એમ કહી લક્ષ્મીનારાયણ ધર્મ પ્રચાર સમિતિના પ્રમુખ પદેથી રાજીનામું આપવાની પેશગત કરી, પરંતુ ધર્મ પ્રચાર સમિતિના આગેવાનોએ મુદ્દત પૂરી થાય ત્યાં સુધી પ્રમુખ પદે ચાલુ રહેવાની વિનંતી કરતાં તેઓશ્રીએ તેનો સ્વીકાર કર્યો. તા. ૨-૪-૧૯૯૮ના રોજ મળેલી લક્ષ્મીનારાયણ સનાતન ધર્મ પ્રચાર સમિતિની સામાન્ય સભામાં પ્રેમજીબાપાના સ્થાને જેઠાભાઈ લાલજી ચોપડા પ્રમુખ પદે વરાયા અને પ્રેમજીબાપા કેન્દ્રીય સમાજના પ્રમુખ પદે ચાલુ રહ્યા. જેઠાભાઈના અધ્યક્ષસ્થાને ૨૦૦૩માં લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન માટે જમીન સંપાદિત કરવામાં આવી અને ધર્મ પ્રચાર સમિતિને સ્થાને અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ નામે રજિસ્ટર્ડ સંસ્થા અસ્તિત્વમાં આવી, જે અત્યાર લગી ચાલુ છે.

- રતિલાલ મ. પટેલ
(મહામંત્રી, શ્રી અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ)

UMA DARPAN (MONTHLY) R.N.I 68080/97 REGD. No. G.KCH-114/2021-2023 Valid upto 31-12-2023
Licence to Post without Prepayment No. G-PMG-RJT/003/2022 Valid upto 31-12-2022
Published & Posted at S.R.O. Bhuj 1st of Every Month



If not Delivered, Please Return to :

UMA DARPAN
111-112-Pooja-B,
B/h ICICI Bank,
Station Road,
Bhuj-370001 (Gujarat)

To,

MAY-22 Uma- 7022
KANTIBHAI M. PATEL
F-803 RAJLEGACY
L.B.S MARG, VIKHAROLI(W)
MUMBAI
Pin No. : 400083

Printed & Published by Jethabhai LaLji Chopda on behalf of Umiya Mataji Trust & Printed at Bhuj by Shreeji Offset, Station Road , Bhuj-Kutch & Published at Umiya Mataji Trust at Vandhay, P.O. Deshalpar, Ta. Bhuj-Kucth Editor-Ratilal Patel